## <u>ડુપ્લીકેટ સોલવંશી કરનાર ઈસમોને પકડી પાડતી, ઝોન-૩ સ્કોર્ડ, સુરત શહેર</u>

સુરત શહેરના ઝોન-૩ વિસ્તારમાં નાસતા ફરતા આરોપીઓ શોધી કાઢવા સબંધે ઝોન-૩ સ્કોર્ડના પોલીસ માણસો પેટ્રોલીગમાં હતા દરમ્યાન HC કિશોરભાઈ માધવભાઈ તથા HC અનિલભાઈ હિલાલભાઈ નાઓને મળેલ બાતમી આધારે ઉમરા પો.સ્ટે. I ગુ.ર.નં. ૩૭/૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૧૯૩,૧૯૬,૧૯૭,૧૯૮,૧૯૯,૨૦૦,૪૬૫,૪૬૮,૪૭૧,૪૭૨,૪૭૪,૧૨૦(બી),૩૨૪ મુજબના કામે નામદાર કોર્ટની અંદર આરોપીને છોડાવવા સારૂ ડુપ્લીકેટ સોલવંશી (દારપણાનો દાખલો) રજુ કરેલ હોય, જેમાં નાસતા ફરતા આરોપીઓ (૧) ચેતનભાઈ ઉર્ફે કાળીયો કાંતીભાઈ ભાલીયા ઉવ-૨૬ રહે. રેલ્વે સ્ટેશન ફળીયુ. મુળ રહે. જરોદગામ તા-વાઘોડીયા જી. વડોદરા તથા (૨) અબ્દુલસહીદ અબ્દુલમજીદ શેખ ઉ.વ.૩૪ રહે. ૨૧, સહારાનગર એકતાનગર પાસે આજવા રોડ, થાના-બાપોદ પોલીસ સ્ટેશન વડોદરા (૩) બીરબલભાઈ જાકરીભાઈ હરીજન ઉ.વ.૪૪ રહે. ઘર નં.૧/૪૬૬, રેલ્વે સ્ટેશન ફળીયુ, અંબિકાનગર જરોદગામ તા-વાઘોડીયા જી-વડોદરાનાઓને અઠવાલાઈન્સ કોર્ટ પાસેથી પકડી પાડી, તેઓની પુછપરછ દરમ્યાન ઉપરોક્ત ગુન્હો કબુલ કરેલ હોય, તેમજ આ સિવાય પણ તેમના ઓળખિતા કિરીટભાઈ રામજીભાઈ પટેલ રહે. રેલ્વે સ્ટેશન ફળીયુ જરોદ ગામ તા.વાઘોડીયા જી-વડોદરા નાઓની સાથે મળી, જુદી જુદી કોર્ટ જેમા વડોદરા, સુરત, નવસારી, વલસાડ ખાતેની કોર્ટમાં ડુપ્લીકેટ સોલવંશી (દારપણાનો દાખલો) રજુ કરી, આરોપીઓને જામીન મુક્ત કરાવી, નામદાર કોર્ટને ગેરમાર્ગે દોરી ગુન્હો કરેલાની કબુલાત કરે છે. જે ઉપરોક્ત આરોપીઓને પકડી પાડી, પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.